# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com web :- www.suratdeo.org


જા.ન./પગારડેટા/માર્ચ/૨૦૨૬/ ૧૮૦૯-૧૧ તા. ૦૨/૦૩/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જીલ્લાની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/

સંસ્કૃત પાઠશાળાઓ/IDESS વિશિષ્ટ શિક્ષક શાળાઓ

વિષય :- માહે **માર્ચ-૨૦૨૬ પેઈડ ઈન એપ્રિલ-૨૦૨૬** માટે પગાર ડેટા વિગતો રજૂ કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે અત્રેની કચેરીનાં નિયંત્રણ હેઠળની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળાઓ/ IDESS વિશિષ્ટ શિક્ષક શાળાઓના કર્મચારીઓના માહે:-**માર્ચ -૨૦૨૬ પેઈડ ઈન એપ્રિલ -૨૦૨૬**નાં પગાર ડેટા નીચે મુજબ સમય/તારીખ અને સ્થળે સ્વીકારવામાં આવશે તે મુજબ સમયમર્યાદામાં પગારનાં ડેટા બિનચૂક રજૂ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૧ | ૦૫/૦૩/૨૦૨૬ | ૩ થી ૧૧૨ તથા ૨૪૯,૨૫૦,૨૫૧,૨૫૪,૨૫૬, ૨૫૮, ૩૦૧ | ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત | સવારે ૧૦-૦૦ થી ૦૩-૦૦ સુધી |
| ૨ | ૦૭/૦૩/૨૦૨૬ | ૧૧૩ થી ૨૨૯ તથા ૨૫૨,૨૫૭,૨૬૧,૨૭૩ | જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત | સવારે ૧૦-૦૦ થી ૦૩-૦૦ સુધી |

## જી.પી.એફ. નંબર બાબતની સુચના

અત્રેની કચેરીએથી તા.૦૨/૦૩/૨૦૨૬ણાઆ રોજ નવા જી.પી.એફ. નંબર ફાળવણી થયેથી નીચે મુજબના સૂચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) કર્મચારીનાં પગારમાં જી.પી.એફ. નંબર ચાલુ કરી કપાત કરવા માટે ડેટા પત્રક-૧માં (આ સાથે આપેલ નમુના ડેટા પત્રક-૧માં જણાવ્યા મુજબ) **P.F. CATEGORY** માં **'4'(GPF)** દર્શાવવો. તથા BUDGET HEAD CODEમાં માધ્યમિક વિભાગનાં કર્મચારીનો **BUDGET HEAD CODE 2202-02-110-053 CODE/VALUE 02** અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના કર્મચારીનો **BUDGET HEAD CODE 2202-02-110-077 CODE/VALUE 03** દર્શાવવાનો રહેશે.

(૨) ડેટા પત્રક-૧માં (આ સાથે આપેલ નમુના ડેટા પત્રક-૧માં જણાવ્યા મુજબ)**G.P.F./C.P.F. A/C. NO.**માં **G.P.F. NO.** અંકમાં આપેલ તેજ દર્શાવવા **(દા.ત. SRT/2450 આપેલ હોય તો G.P.F. NO. 2450 દર્શાવવો)**

(૩) ડેટા પત્રક-૩માં (આ સાથે આપેલ નમુના ડેટા પત્રક-૩માં જણાવ્યા મુજબ) **ACTION CODE 3(Change)** લખી **EMPLOYEE NO.** દર્શાવી કર્મચારીનું નામ લખી **E/D** માં **D** દર્શાવી **CODE 12** માં **DESCRIPTION** માં **G.P.F.** દર્શાવી **AMOUNT**માં કપાતની રકમ દર્શાવવી.**ડેટા પત્રક-૩માં દરેક કર્મચારીના અલગ અલગ આપવા નથી તેથી એક જ ડેટાપત્રકમાં શાળાના દરેક કર્મચારીના નામો વચ્ચે એક-એક લીટી છોડી ચડતા ક્રમમાં એમ્પ્લોય નંબર મુજબ ગોઠવી દર્શાવવાના રહેશે.**

(૪) મે. ગુજરાત સરકારશ્રીના નાંણા વિભાગના ઠરાવ ક્રમાંક: પીએફઆર/૧૦૨૦૧૪/૬૦૭/ચ, તા.૨૦/૦૧/૨૦૨૪ અન્વયે જી.પી.એફ. ખાતેદાર કર્મચારીઓના કિસ્સામાં નાણાંકીય વર્ષ દરમ્યાન સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાં મહત્તમ રૂ.૫.૦૦/- લાખ સુધીની રકમ જમા કરાવવાની મર્યાદા નિયત કરવામાં આવેલ છે. **(એટલે કે, વધુમાં વધુ રૂ.૪૧,૫૦૦/-**

સુધી માસિક કપાત કરાવી શકે છે. તેનાથી વધુ કપાત કરાવી શકશે નહી)ઠરાવની નકલ સામેલ છે.જેની નોંધ લેશો.

(૫) કર્મચારીઓની નવા જી. પી. એફ. કપાત પ્રથમ વખત કરવાની હોય તેવા કર્મચારીઓનું માહે: ફેબ્રુઆરી-૨૦૨૬નુ પગાર બીલની ગ્રોસ રકમ દર્શાવતું પગારબીલ પત્રક તથા અત્રેની કચેરીએથી આપની શાળાના કર્મચારીઓના જી.પી.એફ. નંબર ફાળવણી આદેશની નકલ સાથે જોડવાની રહેશે.

## પગાર ડેટા રજૂ કરતી વખતે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

- સને વર્ષ ૨૦૨૬-૨૭નાં વર્ષમાં ઈન્કમટેક્ષ તથા જી.પી.એફ.ની રેગ્યુલર કપાતની રકમમાં ગત વર્ષની રકમ કરતાં વધારો/ઘટાડો કરવા માટે ફેરફાર હોય તેવા જ કર્મચારીઓનાં ડેટા પત્રક R.T.-૩ પત્રકમાં બે કર્મચારીઓની વચ્ચે એક-એક લીટી છોડી ચઢતા ક્રમાંકમાં એમ્પ્લોય નંબર મુજબ યાદી તૈયાર કરી આપી જવાનાં રહેશે.
- મે. ગુજરાત સરકારશ્રીના નાંણા વિભાગના ઠરાવ ક્રમાંક: પીએફઆર/ ૧૦૨૦૧૪/૬૦૭/ચ, તા.૨૦/૦૧/૨૦૨૪ અન્વયે સને:૨૦૨૪-૨૫થી જી.પી.એફ. કપાતની લીમીટ નક્કી કરેલ હોવાથી અગાઉથી જી.પી.એફ.ની રેગ્યુલર કપાતની રકમમાં ઉપરોક્ત (૪) નંબર મુદ્દામાં જણાવેલ રકમ રૂ.૪૧,૫૦૦/-થી વધુ કપાત કરતા હોય તેવા કર્મચારીઓની માસિક કપાતની રકમ ઘટાડીને ડેટા પત્રક R.T.-૩ પત્રકમાં રજુ કરવાની રહેશે.
- સદર વર્ષમાં ઉપરોકત કપાતો એક જ વખત ડેટા આપવાના રહેશે. એટલે સને વર્ષ-૨૦૨૬-૨૭નાં પગારની ગણતરી કરી સરખા ભાગે બાર માસની કપાતની રકમ R.T-૩ પત્રક આપવાની રહેશે.
- **નિવૃત થતા કર્મચારીઓની જી.પી.એફ./C.P.F. કપાત તેમના જન્મના માસથી ત્રણ માસ અગાઉ કપાત ફરજિયાત બંધ કરવાની રહેશે. જો સમયમર્યાદામાં G.P.F કપાત બંધ કરવામાં આવશે નહિ તો વ્યાજ સંબંધિત કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેશો.**
- પગાર ડેટા શાળાનાં પગાર સબંધિત કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા જ રજૂ કરવાનાં રહેશે અથવા શાળાનાં આચાર્યશ્રી દ્વારા રજૂ કરવાનાં રહેશે. સબંધિત કામગીરી કરતા **કર્મચારી/આચાર્યશ્રી શાળામાં ન હોય તો પગાર ડેટા રજૂ કરવા માટે મોકલવામાં આવતાં કર્મચારીને સદર કામગીરી માટે ઓથોરીટી લેટર આપી મોકલવાનાં રહેશે.** પગાર સબંધિત કામગીરી ન સંભાળતા કર્મચારી દ્વારા ડેટા રજૂ કરવામાં આવશે તો ડેટા સ્વીકારવામાં આવશે નહિ. જેની શાળાનાં આચાર્યશ્રીએ નોંધ લેવી.
- **શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં દરેક પત્રકો પર શાળા કોમ્પ્યુટર કોડનાં સિક્કા અવશ્ય કરવા.**
- શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં પત્રકોમાં **એમ્પ્લોય નંબર, બજેટ કોડ, ડેટા ટાઈપ, કંપની કોડ વગેરે ચોકસાઈપૂર્વક અને ક્ષતિરહિત ભરવાનાં રહેશે.** તેમજ એક કરતા વધુ કર્મચારી હોય તો ચઢતા ક્રમમાં કર્મચારીની વિગતો આપવાની રહેશે. જેની નોંધ લેશો.
- માહે ફેબ્રુઆરી-૨૦૨૬ નું ઓનલાઈન બીલની પ્રિન્ટ કાઢી તેનો સંપૂર્ણ અભ્યાસ કરી પગાર ડેટા રજુ કરવાનાં રહેશે. ડેટા રજુ કર્યા બાદ તેમાં સુધારા વધારા થઇ શકશે નહિ. સમયમર્યાદા બાદ ડેટા સ્વીકારવામાં આવશે નહિ તેની નોંધ લેશો.

**નોંધ :- કર્મચારીનો એમ્પલોય નંબર લખ્યા બાદ ચકાસણી કરી ડેટા રજૂ કરવાના રહેશે અન્યથા ડેટા બાબતે જે પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની જવાબદારી આચાર્યશ્રીની રહેશે.**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

બિડાણ:-R.T.-1 અને R.T.-3(સમજુતી નમુનો) તથા તા.૨૦/૦૧/૨૦૨૪નો નાણા વિભાગનો ઠરાવ

નકલ રવાના : જાણ તથા કેમ્પ અન્વયે જરૂરી વ્યવસ્થા કરવા સારુ.

૧. આચાર્યશ્રી, ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત
૨. આચાર્યશ્રી, જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત

BUDGET HEAD CODEમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકનો હેડ તથા CODE/VALUE અલગ-અલગ દર્શાવવો

# DISTRICT EDUCATION OFFICE, SURAT

## PAYROLL MASTER DATA FORM-01

RECORD TYPE : 01
COMPANY CODE : 57
EMPLOYEE NO. : કર્મચારી નંબર
EMPLOYEE NO. : કર્મચારીનું નામ

ACTION CODE : 03 (CHANGE)
MONTH & YEAR : Mar-26
SCHOOL CODE : શાળાનો કોમ્પ્યું.કોડ નંબર લખવો

| DATA TYPE | DESCRIPTION | CODE/VALUE | DATA TYPE | DESCRIPTION | CODE/ VALUE |
|---|---|---|---|---|---|
| DIST CODE | SURAT | 17 | BANK & BRANCH CODE | - | - |
| BUDGET HEAD CODE | માધ્યમિક માટે<br>2202-02-110-05-3 | 02 | | - | - |
| | ઉચ્ચત્તર માધ્યમિક માટે<br>2202-02-110-07-7 | 03 | BANK A/C NO. | - | - |
| DESIGNATION CODE | - | - | D A CATEGORY | - | - |
| GRADE CODE | - | - | C L A CATEGORY | - | - |
| SCHOOL CODE | - | - | H R A CATEGORY | - | - |
| TYPE OF POST | - | - | CLASS CODE | - | - |
| MONTH OF INCREMENT | - | - | PROF. TAX CODE | - | - |
| BIRTH DATE | - | - | C P F SCHED CODE | - | - |
| JOINING DATE | - | - | CATEGORY CODE | - | - |
| STOP PAY DATE | - | - | CODE-3 | - | - |
| P F CATEGORY | - | .'4' | NAME OF NOMINEE | - | - |
| G P F A/C. NO. (દા.ત.) | 2450 | .'4' | | - | - |

**SIGN. OF H.M. WITH STAMP**

**DISTRICT EDUCATION OFFICER**
**DIST. SURAT**

# DISTRICT EDUCATION OFFICE : SURAT

## PAYROLL MASTER DATA - 03

SCHOOL CODE : શાળાનો કોમ્પ્યું.કોડ નંબર લખવો

RECORD TYPE : 3

COMPANY CODE : 57

MONTH & YEAR : MARCH-2026

| ACTION CODE | EMP NO | NAME | E/D | CODE | DESCRIPTION | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| 3 | કર્મચારી નંબર | કર્મચારીનું નામ | D | 12 | G.P.F. | માસિક કપાતની રકમ દર્શાવવી |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

SIGN. OF H.M. WITH STAMP

DISTRICT EDUCATION OFFICER
DIST. SURAT

**સામાન્ય ભવિષ્યનિધિમાં જમા કરાવવાની વાર્ષિક રકમની મર્યાદા નક્કી કરવા બાબત.**

ગુજરાત સરકાર

નાણા વિભાગ

**ઠરાવ ક્રમાંક: પીએફઆર/૧૦૨૦૧૪/૬૦૭/ચ**

સચિવાલય, ગાંધીનગર.

તા:૧૦/૦૧/૨૦૨૪

**વંચાણે લીધા: (૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:** પીએફઆર/૧૦૯૩/૫૩/ચ, તા.૨૯/૦૩/૧૯૯૩

**(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:** પીએફઆર/૧૦૨૦૧૪/૬૦૭/ચ, તા.૨૦/૦૯/૨૦૧૪

**(૩) ભારત સરકારના ઓફીસ મેમોરેન્ડમ** F.No.3/6/2021-P&PW(f) , તા:૧૧/૧૦/૨૦૨૨

અને F.No.3/13/2022-P&PW(f)(8353) તા:૦૨/૧૧/૨૦૨૨

**આમુખ:**

રાજ્ય સરકારના કર્મચારીઓને સામાન્ય ભવિષ્ય નિધિમાં લઘુતમ કપાત બાબતે નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના તા.૨૯/૦૩/૧૯૯૩ના ઠરાવથી સરકારી કર્મચારીના મુળ પગારના ૧૦% રકમ ફરજીયાત સામાન્ય ભવિષ્ય નિધિમાં જમા કરાવાનું ઠરાવવામાં આવેલ. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક(૨) નાણા વિભાગના તા:૨૦/૦૯/૨૦૧૪ના ઠરાવથી સરકારી કર્મચારીઓ તેઓના મળતરના ૫૦% રકમ સુધી સામાન્ય ભવિષ્ય નિધિમાં મહત્તમ કપાત કરાવવાનું ઠરાવવામાં આવેલ. રાજ્ય સરકારના કર્મચારીઓના ભવિષ્યનિધિના ખાતામાં વાર્ષિક કેટલી મહતમ રકમ જમા કરાવી શકે તે માટે કોઈ મર્યાદા નિયત થયેલ નથી. આ બાબતે ભારત સરકારનાં વંચાણે લીધેલ તા:૧૧/૧૦/૨૦૨૨ અને તા:૦૨/૧૧/૨૦૨૨ના ઓફીસ મેમોરેન્ડમથી જી.પી.એફ. ખાતેદાર કર્મચારીઓના કિસ્સામાં નાણાકીય વર્ષ દરમ્યાન સરકારી કર્મચારી સામાન્ય ભવિષ્ય નિધિમાં મહતમ રકમ જમા કરાવવાની મર્યાદા નિયત કરવામાં આવેલ છે. જેથી આ બાબતે રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

રાજ્ય સરકારના જી.પી.એફ. ખાતેદાર કર્મચારીઓના કિસ્સામાં નાણાકીય વર્ષ દરમ્યાન સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાં મહતમ **રૂ.૫.૦૦/-** લાખ સુધીની રકમ જમા કરાવવાની મર્યાદા

નિયત કરવામાં આવે છે. આ મર્યાદા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી લાગુ કરવાની રહેશે અને તેનો ચુસ્તપણે અમલ થાય તેની જવાબદારી સંબંધિત ઉપાડ અને વહેચણી અધિકારીશ્રીની રહેશે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(આઈ.ડી.ચૌધરી)
**નાયબ સચિવ**
**નાણા વિભાગ**

**નકલ રવાના:**

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
  (ખાતાના વડાઓ/કચેરીના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/રાજકોટ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ તરફ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારુ.
- શાખા સિલેક્ટ ફાઈલ
  (પત્ર દ્વારા રવાના)